# Astha Current Affairs September

**સનડિસ્કે 1TB ક્ષમતા ધરાવતું જગતનું સૌથી મોટું મેમરી કાર્ડ બનાવ્યું.**

મેમરી કાર્ડ બનાવતી અમેરિકા સ્થિત સૌથી મોટી કંપની સનડિસ્કે ૧-ટીબી (ટેરાબાઈટ) ની ક્ષમતા ધરાવતું મેમરી કાર્ડ બનાવ્યું છે. જર્મનીમાં ચાલી રહેલી ડિઝિટલ કોન્ફરન્સમાં કંપનીએ આ કાર્ડ રિલિઝ કર્યું હતું.

૧ ટેરાબાઈટ એટલે કે ૧૦૨૪ ગીગાબાઈટની ક્ષમતા ધરાવતું આ કાર્ડ જો કે હાલ માર્કેટમાં મળવાનું નથી.

સોનીએ ભારતમાં ૨૫૬-જીબીનું મેમરી કાર્ડ રજૂ કર્યું : આવા જાયન્ટ મેમરી કાર્ડ માટે જોઇએ એવા ફોન પણ માર્કેટમાં નથી.

**તમિલનાડુમાં અદાણીએ બનાવેલો વિશ્વનો સૌથી મોટો સોલાર પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત**

તમિલનાડુના રામનાથપુરમ જિલ્લાના કામુધીમાં અદાણી જૂથ દ્વારા બનાવવામાં આવેલા વિશ્વના સૌથી મોટા સૌર ઉર્જા પ્લાન્ટને આજે રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યુ હતું. આ પ્લાન્ટ ૬૪૮ મેગાવોટની ક્ષમતા ધરાવે છે.

૫૦૦૦ એકર જમીનમાં ૪૫૫૦ કરોડના ખર્ચે માત્ર આઠ મહિનામાં પ્લાન્ટ તૈયાર થયો.

**બજેટ મર્જરને કેબિનેટની મંજુરી : ૯૨ વર્ષ જુની પરંપરાનો અંત રેલવે બજેટ હવે સામાન્ય બજેટનો જ ભાગ હશે**, બજેટ સત્ર પણ ટૂંકાવાશે.

મોદી સરકારની કેબિનેટે ૯૨ વર્ષ જુના રેલવે બજેટને સામાન્ય બજેટ્માં ભેળવતા પ્રસ્તાવને મંજુરી આપી દીધી છે. જેને પગલે હવે રેલવે બજેટ અલગથી નહી પણ સામાન્ય બજેટની સાથે જ રજુ કરવામાં આવશે. સાથે એ પણ નિર્ણય લેવામાં આવ્યો છે કે જે સામાન્ય બજેટ સત્ર શરૂ કરવામાં આવશે તેની તારીખ બને ત્યાં સુધી વહેલી રાખવામાં આવશે. એટલે કે આ વખતે સામાન્ય બજેટ સત્ર વહેલા શરૂ થઈ જશે.

**(૪) ભ્રષ્ટાચારના કેસોની યાદીમાં મહારાષ્ટ્ર સતત બીજા વર્ષે મોખરે.**

૨૦૧૫ માં ૧,૨૭૯ કેસ નોંધાયા.

રાજ્યોમાં મધ્ય પ્રદેશ (૬૩૪), ઓરિસ્સા (૪૫૬), રાજસ્થાન (૪૧) અને ગુજરાત (૩૦૫) નો સમાવેશ થાય છે.

**(૫) પૂર્વ ભારત અને બાંગ્લાદેશના પેટાળમાં ભીષણ ભૂકંપ આકાર લઈ રહ્યો છે.**

વિશ્વના સૌથી મોટા મુખત્રિકોણ ગંગાડેલ્ટા હેઠળ બે ટેકટોનિક પ્લેટ વચ્ચે દબાણ વધી રહ્યું છે બાંગ્લાદેશ અને પૂર્વ ભારત હેઠળ જમીનમાં ૯ ની તીવ્રતાનો ભૂકંપ આકાર લઈ રહ્યાનું ઢાકા યુનિવર્સિટીના સંશોધકોએ જણાવ્યું હતું. આ ભૂકંપથી પૂર્વ ભારત અને બાંગ્લાદેશમાં ભારે ખુવારી થવાની ભીતિ છે.

બે ટેકટોનિક પ્લેટો વચ્ચેનું દબાણ છેલ્લા ૪૦૦ વર્ષથી વધી રહ્યું છે જે ૯ ની તીવ્રતાનો ભૂકંપ સર્જી શકે.

**(૬) યુએસ ઓપન : પ્લીસકોવાને હરાવીને કેર્બેરે વિમેન્સ સિંગલ્સ ટાઇટલ જીત્યું.**

જર્મનીની ૨૮ વર્ષીય ખેલાડી એંજેલીક કેર્બેરે ફાઈનલમાં ચેક રિપબ્લિકની પ્લીસકોવાને ૬-૩, ૪-૬, ૬-૪ થી હરાવીને યુએસ ઓપન વિમેન્સ સિંગલ્સ ચેમ્પિયનશીપ જીતી લીધી હતી.

**(૭) યોકોવિચને હરાવી વાવરિન્કા ચેમ્પિયન**

યુએસ ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ-૨૦૧૬ માં ટોચના ક્રમાંકિત અને હોટ ફેવરિટ નોવાક યોકોવિચને ૬-૭ (૧/૭), ૬-૪, ૭-૫, ૬-૩ થી હરાવી સ્વિત્ઝર્લેન્ડનો સ્ટેન વાવરિન્કા ચેમ્પિયન બન્યો છે. વાવરિન્કા ૩૦ વર્ષની ઉંમર વટાવ્યા બાદ યુએસ ઓપન મેન્સ સિંગલ્સ ટાઇટલ જીતનારો માત્ર ત્રીજો પ્લેયર.

**(૮) પેરાલિમ્પિક્સમાં મેડલ જીતનારી પ્રથમ ભારતીય મહિલા** :

શોટ પુટમાં ૪.૬૧ મીટર સાથે બીજું સ્થાન દીપાએ સિલ્વર મેડલ જીતી ઈતિહાસ સર્જ્યો. દીપા મલિકે શોટ પુટ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીતી ઈતિહાસ સર્જ્યો છે. આમ, દીપા મલિક રિયો પેરાલિમ્પિક્સમાં મેડલ જીતનારી સૌપ્રથમ ભારતીય મહિલા એથ્લિટ બની ગઈ છે. દીપાએ પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરતા પોતાના છઠ્ઠા અને અંતિમ પ્રયાસમાં ૪.૬૧ મીટરનો આંક હાંસલ કર્યો હતો.

**(૯) ભારતીય રેલવેના ઈતિહાસમાં પહેલી વખત ફ્લેક્સી ફેર સિસ્ટમ લાગુ કરવામા આવી** છે.

સામાન્ય રીતે એરલાઈન્સમાં લાગુ આ સિસ્ટમ હવે રેલવેમાં પણ લાગુ થતા જ જેમ જેમ ટીકીટનું બુકિંગ વધતુ જશે તેમ તેમ ટીકીટના ભાવ પણ વધતા જશે. એટલે કે અંતે બુકિંગ કરાવનારા મુસાફરોને આ સિસ્ટમ લાગુ થયા બાદ દોઢ ગણું વધુ ભાડુ ચુકવવું પડી શકે છે. જોકે આ સિસ્ટમ હાલ માત્ર ટ્રેન સેવા દુરંતો, શતાબ્દી અને રાજધાનીને જ લાગુ પડશે દરેક ટ્રેનને નહી. રેલવેની આ નવી પદ્ધતી નવમી સપ્ટેમ્બરથી લાગુ થઈ જશે.

**(૧૦) અમેરિકા ભારતને અત્યાધુનિક ૨૨ ગાર્ડિયન ડ્રોન વિમાનોનું વેચાણ કરશે.**

અમેરિકા સમુદ્ર નિરીક્ષણમાં કામ આવનારા શસ્ત્રોવિહીન આધુનિક ૨૨ ગાર્ડિયન ડ્રોન માટે ભારતે કરેલી અપીલના સંદર્ભમાં અમેરિકા સકારાત્મક નિર્ણય લે તેવી શક્યતા છે. આ ડ્રોન હિન્દ મહાસાગરમાં નિરીક્ષણ માટે ખુબ જ ઉપયોગી નિવડશે.

**(૧૧) ચીને લાંબી રેન્જના બોમ્બર વિમાનનું ઉત્પાદન શરૂ કર્યું.**

રશિયન યુગના વિમાનોને બદલે નવા વિમાન આવશે જેની ક્ષમતા ૮૦૦૦ કિમી હશે.

**(૧૨) NSSO દ્વારા ગુજરાતના ૧૩ જિલ્લામાં હાથ ધરાયેલ સર્વેક્ષણનું તારણ અમદાવાદ જિલ્લો સ્વચ્છતા મામલે ગુજરાતમાં ૧૨ માં સ્થાને**

ગાંધીનગર ૧૦૦ માંથી સૌથી વધુ ૮૨.૯ માર્કસ સાથે ગુજરાતનો

Astha Academy Mo.98980961441

સૌથી વધુ સ્વચ્છ જિલ્લો

ગુજરાતના કયા જિલ્લાને સ્વચ્છતામાં કેટલા માર્કસ ?

(૧) ગાંધીનગર–૮૨.૯ (૨) મહેસાણા–૮૧.૩
(૩) ખેડા–૮૧.૧ (૪) નવસારી–૮૦.૧
(૫) પાટણ–૭૯ (૬) સુરત–૭૯
(૭) ભરૂચ–૭૮.૯ (૮) વલસાડ–૭૮.૪
(૯) નર્મદા–૭૮ (૧૦) તાપી–૭૪.૯
(૧૧) આણંદ–૭૧.૬ (૧૨) અમદાવાદ–૭૧.૫
(૧૩) પંચમહાલ–૬૪.૧ (તમામ માર્કસ ૧૦૦ માંથી અપાયા છે.)

**(૧૩) પેરુમાંથી ૬૨૦૦ વર્ષ જુનાં જિન્સ પેન્ટના અવશેષો મળી આવ્યા !**

પેરુમાંથી મળી આવેલા સૌથી જુના કાપડના ટુકડાને ગળી કરેલી હતી આધુનિક જિન્સની શોધ ૧૮૭૧ માં ખાણકામમાં મજુરો માટે થઈ હતી.

**(૧૪) ભારતમાં 'લિગોઈન્ડિયા' ની વેધશાળા ૨૦૨૪ માં શરૂ થશે : ત્રણ વિજ્ઞાન સંસ્થા જોડાશે.**

ભારતમાં ૨૦૨૪ ના અંત સુધીમાં લેઝર ઈન્ટરફેરોમીટર ગ્રીવીટેશનલ વેવ્ઝ ઓબ્ઝર્વેટરી (એલ.આઈ.જી.ઓ.–લિગો) શરૂ થશે. આ ઓબ્ઝર્વેટરી (વેધશાળા) ને લિગો ઈન્ડિયા નામ આપવામાં આવશે. લિગો ઈન્ડિયા પ્રોજેક્ટ સાથે ભારતની ત્રણ પ્રસિધ્ધ વિજ્ઞાન સંસ્થાઓ જોડાશે અને ગુરૂત્વાકર્ષણના મોજા વિશે મહત્વપૂર્ણ સંશોધનકાર્ય કરશે. લિગો હેનફોર્ડ–વોશિંગ્ટન–ઓબ્ઝર્વેટરીના વડા ડો. ફ્રેડરીક રાબની મહત્વની જાહેરાત : ભારત–અમેરિકાની એક સંયુક્ત ટીમ તૈયાર થશે. 'લિગો ઈન્ડિયા' સાથી આઈયુકા (પૂણે), ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પ્લાઝમા રિસર્ચ, રાજા રામન્ના સેન્ટર ફોર એડવાન્સ ટેકનોલોજી (બેંગલુરુ) વગેરે ત્રણ મુખ્ય વિજ્ઞાન સંસ્થાના વિજ્ઞાનીઓ જોડાશે.

**(૧૫) વડાપ્રધાનના જન્મદિને નવસારીમાં ત્રણ વર્લ્ડ રેકોર્ડ નોંધાયા.**

નવસારીમાં દેશના સૌથી મોટા દિવ્યાંગ સાધન–સહાય વિતરણ કાર્યક્રમમાં ત્રણ વર્લ્ડ રેકોર્ડ નોંધાયા હતા. વડાપ્રધાનના જન્મદિનની પૂર્વ સંધ્યાએ દિવ્યાંગ સહિતના ૧૦૦૨ લોકોએ ૩૦ સેકન્ડમાં એકસાથે ૯૮૯ દીવડા પ્રગટાવ્યા હતા. આજે એકસાથે ૧૦૦૦ દિવ્યાંગોને હિયરીંગએઈડ (સાંભળવા માટેનું યંત્ર) અપાયા હતા. અગાઉ ૫૪૦ હિયરીંગ એઈડ આપવાનો રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના નામે હતો. આજે એકસાથે ૧૦૦૦ દિવ્યાંગોને વ્હીલચેર આપવાનો રેકોર્ડ હતો. આમ કાર્યક્રમમાં ત્રણ નવા વર્લ્ડ રેકોર્ડ બન્યા હતા.

| ક્રમ | દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ |
|---|---|---|---|---|
| ૧. | ચીન | ૧૦૭ | ૮૧ | ૫૧ |
| ૨. | બ્રિટન | ૬૪ | ૩૯ | ૪૪ |
| ૩. | યુક્રેન | ૪૧ | ૩૭ | ૩૯ |
| ૪. | અમેરિકા | ૪૦ | ૪૪ | ૩૧ |
| ૫. | ઓસ્ટ્રેલિયા | – | ૨૨ | ૩૦૨૯ |
| ૪૩. | ભારત | ૦૨ | ૦૧ | ૦૧ |

**(૧૬) વર્લ્ડ ડેફ શૂટિંગ વર્લ્ડ કપમાં ભારતને બ્રોન્ઝ**

રશિયાના કઝાનમાં રમાયેલી વર્લ્ડ ડેફ શૂટિંગ વર્લ્ડ કપની ઈવેન્ટમાં ભારતની પ્રિયેશા દેશમુખે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ૨૩ વર્ષીય ભારતીય શૂટરે ૧૦ મીટર એર પિસ્તોલ ઈવેન્ટમાં આ સિધ્ધિ મેળવી હતી. પ્રિયેશા એ ફાઈનલમાં ૧૮૦.૪ ના સ્કોર સાથે ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

**(૧૭) એશિયાના ટોચના ૨૫ મ્યુઝિયમોમાં ભારતના પાંચનો સમાવેશ : લેહ ટોચ પર**

ટોચના પાંચ ભારતીય મ્યુઝિયમ – સૌથી ટોચ પર છે ઉદયપુરનો બાગોર કી હવેલી ત્યાર પછીના ક્રમે કોલકાતાનો વિક્ટોરિયા મેમોરિયલ, હૈદરાબાદનો સાલાર જંગ મ્યુઝિયમ અને જૈસલમેરનો વોર મ્યુઝિયમ આવે છે.

**(૧૮) પાકિસ્તાનમાં પુર ઝડપે તૈયાર થતું પરમાણુ મથક**

ઈસ્લામાબાદથી પૂર્વમાં લગભગ ૩૦ કિલોમીટર દૂર સ્થિત કહુટા પ્રાંતમાં આ પરમાણુ કેન્દ્ર સ્થાપવાની કામગીરી ચાલી રહી છે. આ કેન્દ્ર સ્થાપવામાં પાકિસ્તાનને ચીન પણ આર્થિક મદદ કરી રહ્યું હોવાની શક્યતાઓ છે. પાકિસ્તાન પાસે પહેલાથી જ ૧૨૦ થી પણ વધુ પરમાણુ હથિયારો છે, જે ભારત ઈઝરાઈલ અને ઉ. કોરિયાથી પણ વધુ છે.

**(૧૯) આતંકવાદનો સૌથી વધુ ભોગ બનનારા દેશોમાં ભારત ચોથા ક્રમે**

આતંકી હુમલાની બાબતે ઈરાક–અફઘાનિસ્તાન અને પાકિસ્તાન પછી સૌથી વધુ ભોગ બનવામાં ભારત ચોથા નંબરે છે.

**(૨૦) ચીને બીજું સ્પેસ સ્ટેશન લોન્ચ કર્યું** : ટૂંક સમયમાં અવકાશયાત્રીઓને મોકલશે.

ચીને તેનું બીજું સ્પેસ સ્ટેશન ટીઆનગોંગ–૨ લોન્ચ કર્યું હતું. ઉત્તરી ચીનમાં આવેલ ગોબીના રણ સ્થિત જિક્વાન સેટેલાઈટ લોન્ચિંગ સ્ટેશનેથી લોંગ માર્ચ–૭ નામના રોકેટે સ્ટેશન લોન્ચ કર્યું હતું. ટીઆનગોંગનો મતલબ સ્વર્ગીય સ્થળ એવો થાય છે.

**(૨૧) ૨૫ જૂન, ૧૯૩૨ ના ભારત સૌપ્રથમ વખત ટેસ્ટ મેચમાં રમ્યું હતુ.**

ન્યૂઝીલેન્ડ સામે ગુરુવારથી શરૂ થતી પ્રથમ ટેસ્ટ સાથે જ ભારત ૫૦૦ મી ટેસ્ટમાં રમવાનું સિમાચિન્હ મેળવનારી માત્ર ચોથી ટીમ બનશે. ૨૫ જૂન, ૧૯૩૨ જ્યારે ભારતે ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું. ૧૦ ફેબ્રુઆરી, ૧૯૫૨ કે જ્યારે ભારતે પ્રથમવાર ટેસ્ટ ક્રિકેટમાં વિજયનો સ્વાદ ચાખ્યો હતો.

**(૨૨) પેરાલિમ્પિક્સ** : ભારતનો ૪૩ મા સ્થાન સાથે શ્રેષ્ઠ દેખાવ

શારિરીક રીતે અક્ષમ પણ પોલાદી મનોબળ ધરાવતા એથ્લેટિક્સના મહાકૂંભ પેરાલિમ્પિક્સની રવિવારે સમાપ્તિ થઈ છે. ચીને અધધધ ૧૦૭ ગોલ્ડ સાથે મેડલ ટેબલમાં મોખરાનું સ્થાન હાંસલ કર્યું હતું. ભારતે બે ગોલ્ડ–૧ સિલ્વર અને ૧ બ્રોન્ઝ સાથે મેડલ ટેબલમાં ૪૩ મો ક્રમ મેળવ્યો હતો. પેરાલિમ્પિક્સ દરમિયાન ઈરાનના સાયકલિસ્ટ બહમાન ગોલ્બરેનઝાદનું શનિવારે અકસ્માતે અવસાન થયું હોવાથી રવિવારે યોજાયેલા સમાપન સમારોહ દરમિયાન ગમગીની પણ જોવા મળી હતી.

**(૨૩) રશિયન સંસદમાં પુતિનના પક્ષને બહુમતી** મળતા ફરી પ્રમુખ બનશે.

વર્ષ ૨૦૧૮ માં રશિયાના પ્રમુખપદની ચૂંટણી યોજાશે.

Astha Academy Mo.9898061441

(૨૪) **અરુણાચલ પ્રદેશમાં કોંગ્રેસ નવનિયુક્ત મુખ્ય પ્રધાન પેમા ખાંડુ**

સહીત ૪૩ ધારાસભ્યોએ બળવો કરી કોંગ્રેસ પાર્ટીમાંથી રાજીનામુ આપી દીધુ જેને પગલે કોંગ્રેસે સરકાર ગુમાવી દીધી છે. પેમા ખાંડુ અને અન્ય ૪૨ ધારાસભ્યો કોંગ્રેસે છોડી પીપલ્સ પાર્ટી ઓફ અરુણાચલમાં ભળી ગયા હતા.

(૨૫) **ભારત નેપાળને ભૂકંપ પછી બેઠું કરવા રૂ. ૫૦૨૫ કરોડની સહાય કરશે.**

નેપાળના PM પ્રચંડ અને મોદી વચ્ચેની મંત્રણામાં સુરક્ષા અને સંરક્ષણ ક્ષેત્રે સહકારનો નિર્ણય

(૨૬) **IS ના આતંકીઓએ 'સેક્સ સ્લેવ' બનાવેલી યુવતી હવે UN ની બ્રાન્ડ એમ્બેસેડર**

યુએનના 'હ્યુમન ટ્રાફિકિંગ' પ્રોજેક્ટ માટે આઈએસના આતંકવાદીઓ દ્વારા જાતીય શોષણનો ભોગ બનેલી યુવતી નાદિયા મુરાદને ગૂડવિલ બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પસંદ કરવામાં આવી છે. તેના જાતીય શોષણની આપવીતી સાંભળીને લોકો રડી પડ્યા હતા.

(૨૭) **ધ-આઈ નામનો ટાપુ ભમરડાની માફક ગોળ-ગોળ ફરે છે. આર્જેન્ટિનામાં ધરી પર ઘૂમતો રહસ્યમય ટાપુ મળી આવ્યો !**

દક્ષિણ અમેરિકા ખંડના દેશ આર્જેન્ટિનામાંથી એક રહસ્યમય ટાપુ મળી આવ્યો છે. આર્જેન્ટિનાના પારાના ડેલ્ટા વિસ્તારમાં એક ૧૧૮ મિટરનો વ્યાસ ધરાવતો એક ટાપુ નજરે ચડ્યો છે. ગૂગલ અર્થમાં દેખાયેલો આ નાનકડો ટાપુ લગભગ ગોળ કહી શકાય એવા આકારનો છે અને ધરી પર ફરતો હોય એમ ગોળ-ગોળ ઘૂમે છે. આ ટાપુને હાલ ધ-આઈ નામ આપવામાં આવ્યુ છે, કેમ કે ઉપરથી એ આંખની કીકી જેવો દેખાય છે. ૧૧૮ મિટરનો વ્યાસ ધરાવતો ટાપુ જમીનનો નક્કર ભાગ છે પરફેક્ટ ગોળ આકાર અને પરિભ્રમણ અંગે સંશોધકો પણ અજાણ.

(૨૮) **કાશ્મીરમાં મહાભયાનક આતંકી હુમલો** : ૧૭ જવાન શહીદ

જમ્મુ કાશ્મીરમાં ઉરીમાં ભારતીય સેના પર ઈતિહાસનો સૌથી જઘન્ય આતંકવાદી હુમલો થયો હતો, જેમાં ૧૭ જવાન શહીદ થયા છે અને વીસથી પણ વધુ જવાન ઘાયલ થયા છે.

(૨૯) **સ્ટેમ્પ ડ્યુટી-રેતીખનનની ગ્રાન્ટ પંચાયતના સભ્યને ફાળવાશે નહી.**

રેતીખનન-સ્ટેમ્પ ડ્યુટીની રકમ ક્યાં વાપરી શકાશે.

(૧) આંગણવાડી (૨) પ્રાથમિક શાળાના ઓરડા (૩) વરસાદી પાણીનો સંગ્રહ
(૪) ભૂગર્ભ ગટર યોજના (૫) ઘન કચરાનો નિકાલ (૬) એપ્રોચ રોડ
(૭) એલઈડીની સાથે વિજળીકરણ (૮) ચબૂતરા નિર્માણ (૯) વૃધ્ધો માટે વનકુટિર
(૧૦) પુસ્તકાલય (૧૧) પંચાયત ઘર
(૧૨) તળાવનું બ્યુટીફિકેશન
(૧૩) બે ગામો વચ્ચે જૂથ પાણી યોજના

(૩૦) **ઈરાનના સાયકલીસ્ટનું અકસ્માત બાદ** મોત

રિયો પેરાલિમ્પિકમાં સાયકલીંગની રોડ રેસની સ્પર્ધા દરમિયાન ઈરાનના સાયકલીસ્ટ બહમાન ગોલ્બારનેઝાદને અકસ્માત નડ્યો હતો. અને ત્યાર બાદ તેનું મોત નિપજ્યું હતુ.

(૩૧) **અંકિતા રૈનાએ ચીનમાં ડબલ્સ ટાઈટલ જીત્યું.**

ગુજરાતની અંકિતા રૈના અને બ્રિટનની એમિલી સ્મિથ વેલ્બીએ ચીનના ઝુહાઈમાં રમાયેલી ૫૦ હજાર ડોલરની ઈનામી રકમ ધરાવતા આઈટીએફ ટેનિસ ટુર્નામેન્ટમાં ડબલ્સ ટાઈટલ જીતી લીધું હતું. અંકિતા અને એમિલીની જોડીએ ફાઈનલમાં ચીનની હાન્યુગ્યુઓ અને ક્ષિન્યુ જીએંગની જોડીને ૬-૪, ૬-૪ થી પરાજય આપ્યો હતો.

(૩૨) **અમદાવાદની ધારિણી ગુર્જરની પસંદગી ભારતીય** પાવરલિફ્ટિંગ ટીમમાં કરવામાં આવી છે.

તેઓ ભારતીય ટીમ સાથે તા.૧૩ થી ૧૯ મી નવેમ્બર દરમિયાન ફ્લોરિડાના ઓર્લાન્ડોમાં યોજાનારી ૩૭ મી વર્લ્ડ ઓપન પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશીપમાં ભાગ લેશે.

(૩૩) **સૌર ઉર્જા માટે સૌથી ઉત્તમ રાજ્ય ગુજરાત, રાજસ્થાન બીજા ક્રમે : ઈસરો**

ઈસરોએ આ અહેવાલ તૈયાર કરવા માટે હવામાન ઉપગ્રહ 'કલ્પના-૧' ની માહિતીનો આધાર લીધો હતો. આ ઉપગ્રહે ૨૦૦૯ થી ૨૦૧૧ સુધી લીધેલી તસવીરો પરથી ભારતનો સોલાર મેપ તૈયાર થયો છે. સેટેલાઈટ ઈમેજિસના આધારે ભારતની ધરતી પર ક્યાં કેટલો તાપ પડે છે, તેની વિગતો તૈયાર કરાઈ : કચ્છ સૌથી આગળ

(૩૪) **જુનિયર શૂટિંગ વર્લ્ડ કપમાં ઋષિરાજ બારોટે ગોલ્ડ જીત્યો.**

અમદાવાદ યુવા શૂટર ઋષિરાજ બારોટે અઝરબૈજાન ખાતે ચાલી રહેલી વર્લ્ડ જુનિયર શૂટિંગ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચી દીધો છે. ઋષિરાજે ૨૫ મીટર રેપિડ ફાયર પિસ્તોલ ઈવેન્ટમાં શાનદાર દેખાવ કર્યો હતો અને ફાઈનલમાં ૨૫ નો સ્કોર કરીને સુવર્ણ સફળતા પ્રાપ્ત કરી હતી. ચેક રિપબ્લિકના લુકાસ સ્કોઉમલને બે પોઈન્ટના અંતરથી હરાવ્યો હતો.

(૩૫) **ઉ.કોરિયાએ રોકેટ એન્જિનનું પરીક્ષણ કરતાં અમેરિકા સ્તબ્ધ.**

ઉત્તર કોરિયા દ્વારા પરમાણુ અને હાઈડ્રોજન બોમ્બ જેવા ઘાતક શસ્ત્રોના વણથંભ્યા પરીક્ષણો હજુયે ચાલુ છે. હવે ઉત્તર કોરિયાએ હાઈ ટેક રોકેટ એન્જિનનું સફળ પરીક્ષણ કર્યું છે, જે પરમાણુ દારૂગોળાથી સજ્જ મિસાઈલોને લઈ જવા સક્ષમ છે. ૩૬ હજાર કિ.મી.ની ઊંચાઈએ ઉપગ્રહો છોડવાના હેતુથી રોકેટ વિકસાવ્યું હોવાનો ઉ.કોરિયાનો દાવો.

(૩૬) **કાવેરી જળ વિવાદમાં** સુપ્રીમનો મહત્વપૂર્ણ ચુકાદો.

કર્ણાટક અને તમિલનાડુ વચ્ચે ચાલી રહેલા કાવેરી જળ વિવાદમાં સુપ્રીમ કોર્ટે આજે કર્ણાટકને ૨૭ સપ્ટેમ્બર સુધી દરરોજ તમિલનાડુ માટે ૬૦૦૦ ક્યુસેક પાણી છોડવાનો આદેશ આપ્યો છે, સુપ્રીમે કેન્દ્ર સરકારને કાવેરી મેનેજમેન્ટ બોર્ડની રચના કરવાનો પણ આદેશ આપ્યો છે.

Astha Academy Mo.8980961441

(૩૭) **હવાઈ સંરક્ષણમાં ભારતને વધુ એક સફળતા ૮૦ કિમી સુધી હવામાં હુમલો કરવા સક્ષમ મિસાઈલનું સફળ પરીક્ષણ.**

ઈઝરાયેલ સાથે મળી આ પ્રકારની ૨૪ મિસાઈલો બનાવવામાં આવી રહી છે. આ મિસાઈલના સફળ પરીક્ષણ બાદ હવે કોઇ પણ પ્રકારના હવાઈ હુમલાને રોકવામાં સફળતા મળશે. આ મિસાઈલને ઈઝરાઈલ સાથે મળીને બનાવવામાં આવી છે. આ મિસાઈલનું નામ બરાક-૮ આપવામાં આવ્યું છે. આ મિસાઈલની ખાશિયત એ છે કે તે હવામાં સફળતાપૂર્વક માર કરી શકશે. આ મિસાઈલની ક્ષમતા ૭૦ થી ૮૦ કિમી સુધીની છે.

(૩૮) **કેન્દ્ર સરકારના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ સ્માર્ટ સિટીની** વધુ એક યાદી જાહેર કરવામાં આવી છે.

આ યાદીમાં ગુજરાતમાંથી વડોદરા શહેરને પસંદ કરવામાં આવ્યું છે. આ યાદી સાથે જ હવે માત્ર નવ રાજ્યોને છોડીને બાકી દરેક રાજ્યોનો સમાવેશ કરી લેવાયો છે. સૌથી વધુ મહારાષ્ટ્રમાંથી પાંચ, તમિલનાડુ અને કર્ણાટકમાંથી ચાર, યાદીમાં મહત્વના શહેરો આગ્રા, નાગપુર, નાસિક, ઉજ્જૈન, કોટા, ગ્વાલિયર, અજમેર, ઔરંગાબાદ, કાનપુર, થાણે, મદુરાઈ વગેરેનો પણ સમાવેશ કર્યો છે.

(૩૯) **નવી દિલ્હીના રેસકોર્સ રોડનું નામ એકાત્મ માર્ગ કરવા સૂચન.**

આ માર્ગને એકાત્મ નામ આપવાનો હેતુ શહીદોને શ્રદ્ધાંજલિ આપવાનો છે. મુંબઈ હુમલા પછી અનેક લશ્કરી અધિકારીઓએ શહીદોની યાદમાં રેસકોર્સ રોડને એકાત્મ માર્ગ આપવાનું સૂચન કર્યું હતું. જોકે, નવી દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આ વાતનો વિરોધ કર્યો છે.

(૪૦) **વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિયેતનામ યાત્રા દરમિયાન** ભારત વિયેતનામે કુલ ૧૨ કરાર પર સહી કરી છે.

આ દરમિયાન ભારતે વિયેતનામને રૂ.૩૩૫૦ કરોડની (અંદાજે ૫૦ કરોડ ડોલરની) લોન આપવા પણ સહમતિ સાધી છે. બંને દેશોએ સુરક્ષા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, અંતરિક્ષ, સાયબર સુરક્ષા અને વ્હાઈટ શિપિંગ ઈન્ફોર્મેશન શેરિંગ સહિતના ક્ષેત્રોમાં એકબીજાને સહકાર આપવાના કરાર કર્યા છે. વડાપ્રધાન મોદી છેલ્લા ૧૫ વર્ષમાં વિયેતનામની મુલાકાતે જનારા ભારતના પહેલા વડાપ્રધાન બન્યા છે.

બંને દેશ ૨૦૧૭ ને 'મિત્રતા વર્ષ' તરીકે મનાવવા પણ સહમત.

(૪૧) **ગોવાના શિપયાર્ડમાં ઘરઆંગણે બનેલું અત્યાધૂનિક** જહાજ 'સારથી' ભારતીય કોસ્ટગાર્ડમાં સામેલ થયું.

ગોવાના વાસ્કો ખાતે ગૃહમંત્રી રાજનાથસિંહે કોસ્ટગાર્ડ જહાજ સારથી કોસ્ટગાર્ડમાં સામેલ કર્યું હતું. આ જહાજમાં આધુનિક નેવિગેશન અને સંદેશાવ્યવહાર સિસ્ટમ છે. જહાજમાં ઈન્ટીગ્રેટેડ બ્રિજ સિસ્ટમ તેની વિશેષતા છે. સારથીમાં બોફોર્સ તોપ મુકાયેલી છે. સારથી ૨૩૫૦ ટન વજનની ક્ષમતા ધરાવે છે તેનું ૯૧૦૦ કિલોવોટનું ડિઝલ એન્જિન ૨૩ નોટિકલની ઝડપ હાંસલ કરી શકે છે.

(૪૨) **મહારાષ્ટ્રનો સિંધુદુર્ગ અને હિમાચલ પ્રદેશનો મંડી વિસ્તાર દેશમાં સૌથી સ્વચ્છ.**

મહારાષ્ટ્રનો ગ્રામીણ વિસ્તાર સિંધુદુર્ગ ભારતના ૫૩ ગ્રામીણ વિસ્તારોમાં સૌથી સ્વચ્છ છે, જ્યારે ૨૨ પહાડીઓમાં હિમાચલ પ્રદેશનો પહાડી વિસ્તાર મંડી સૌથી સ્વચ્છ તરીકે ઉભરી આવ્યો છે. દેશના સ્વચ્છ ગ્રામ્ય વિસ્તારોમાં અમદાવાદ-આણંદ-પંચમહાલ જિલ્લાનો પણ ટોચના ૫૩ સ્વચ્છ વિસ્તારોમાં સમાવેશ.

(૪૩) **ભારતીય ચિત્રકાર અકબર પદમશીનું ચિત્ર ૧૯ કરોડ રૂપિયામાં વેચાયું.**

સેફ્રોન આર્ટ ગેલેરીમાં ચિત્રોનું એક ઓક્શન થયું હતું, જેમાં ભારતીય ચિત્રકાર અકબર પદમશીનું ગ્રીક લેન્ડસ્કેપ ચિત્ર ૧૯ કરોડ રૂપિયામાં વેચાયું હતું. ગ્રીક લેન્ડસ્કેપ નામના ૪.૩ ફૂટ પહોળા અને ૧૨ ફૂટ લાંબા કેનવાસ પેઈન્ટિંગમાં ચિત્રકારે એક સિટી સ્કેપનો નજારો કંડાર્યો છે.

(૪૪) **પૃથ્વી પરથી સૌથી પુરાતન જીવાશ્મિ મળી આવ્યા.**

ઓસ્ટ્રેલિયાના કેટલાક ભુસ્તરશાસ્ત્રીઓને ગ્રીનલેન્ડમાંથી કેટલાક એવા ખડકો મળી આવ્યા છે, જેમાં સૌથી જૂનાં જીવાશ્મો કેદ થયેલા છે. આ ખડકો ગ્રીનલેન્ડના ઈસુઆ સુપરક્રસ્ટલ બેલ્ટમાંથી મળ્યા છે અને તેમાં રહેલા અશ્મીઓ ૩.૭ અબજ વર્ષ જુના છે. પૃથ્વીનો ઉદ્દભવ અંદાજે ૪.૫ અબજ વર્ષ પહેલા થયો ગણાય છે. વ્યાપક માન્યતા પ્રમાણે પૃથ્વી પરના સૌથી પુરાણા અશ્મીઓ ૨૦ કરોડ વર્ષ પહેલાના છે. એટલે કે ૨૦ કરોડ વર્ષ પહેલાં સુધી પૃથ્વી પર કોઇ પ્રકારનું જીવન હતુ નહી. પૃથ્વીના શરૂઆતી સવા ચાર અબજ વર્ષ જીવનવિહોણા હતા. પરંતુ હવે આ અશ્મીઓની શોધને કારણે એ માન્યતા ખોટી પડે છે. કેમ કે ૩.૭ અબજ વર્ષ પુરાણા અશ્મીઓનો મતલબ એવો થાય કે પૃથ્વી જન્મી એ પછી ૮૦ કરોડ વર્ષમાં જ જીવ પણ જન્મી ચૂક્યો હતો.

(૪૫) **બાયર રોકડ સમજૂતી હેઠળ મોનસેન્ટોને ૪૪૨૨ અબજ રૂપિયામાં હસ્તગત કરશે**

જર્મનીની કેમિકલ અને ફાર્મા જાયન્ટ કંપની બાયર એજી રોકડ સમજૂતી હેઠળ વૈશ્વિક બાયોટેક કંપની મોન્સેન્ટોને ૪૪૨૨ અબજ રૂપિયામાં ખરીદશે. મોન્સેન્ટોને હસ્તગત કર્યા પછી બાયર વિશ્વની સૌથી મોટી બીજ અને જંતુનાશકની કંપની બની જશે.

સોદો પૂર્ણ થયા પછી બાયર બીજ અને જંતુનાશકની વિશ્વની સૌથી મોટી કંપની બનશે. બાયર અને મોન્સેન્ટો બંને કંપનીઓ ભારતમાં કાર્યરત છે. અમેરિકન કંપની મોન્સેન્ટો છેલ્લા દસ વર્ષથી ભારતમાં જિનેટિકલી મોડિફાઈડ કોટન બીજનું વેચાણ કરે છે.

(૪૬) **દેવેન્દ્ર ઝાઝરિયા : પેરાલિમ્પિકમાં ડબલ ગોલ્ડ** જીતનારો સૌપ્રથમ ભારતીય

૨૦૦૪ના એથેન્સ પેરાલિમ્પિકમાં પણ ઝાઝરિયાએ ગોલ્ડ મેડલ જીત્યો હતો પેરાલિમ્પિકમાં ભારતે સૌપ્રથમ વખત બે ગોલ્ડ જીતવાની સિધ્ધિ મેળવી.

(૪૭) **ટોપ ૧૫૦ યુનિ.માં ભારતને ઝીરો માર્ક્સ, એક પણ સંસ્થાને સ્થાન નહી.**

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ-બેંગાલુરુ ગયા વખતે ૧૪૭ માં ક્રમે હતી, આ વખતે ૧૫૨ માં ક્રમે : સતત પાંચમાં વર્ષે એમઆઈટી પહેલા નંબરે.

Astha Academy Mo.9898961441

| ભારતની શ્રેષ્ઠ સંસ્થાઓ | | | | ટોપ-૧૦ વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટી | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | સંસ્થા | ૨૦૧૫ માં સ્થાન | ક્રમ | સંસ્થા | દેશ |
| ૧૫૨ | આઈઆઈએસસી–બેંગાલુરુ | ૧૪૭ | ૧ | એમઆઈટી | અમેરિકા |
| ૧૮૫ | આઈઆઈટી–દિલ્હી | ૧૭૯ | ૨ | સ્ટેનફોર્ડ | અમેરિકા |
| ૨૧૯ | આઈઆઈટી–મુંબઈ | ૨૦૨ | ૩ | હાવર્ડ | અમેરિકા |
| ૨૪૯ | આઈઆઈટી–મદ્રાસ | ૨૫૪ | ૪ | કેમ્બ્રિજ | યુ.કે. |
| ૩૦૨ | આઈઆઈટી–કાનપુર | ૨૭૧ | ૫ | કેલિફોર્નિયા ઈન્સ્ટીટ્યુટ | અમેરિકા |
| ૩૧૩ | આઈઆઈટી–ખડગપુર | ૨૮૬ | ૬ | ઓક્સફર્ડ યુનિવર્સિટી | યુ.કે. |
| ૩૯૯ | આઈઆઈટી–રૂરકી | ૩૯૧ | ૭ | યુનિવર્સિટી કોલેજ લંડન | યુ.કે. |
| મદ્રાસ સિવાયની કોઇ સંસ્થાને પ્રમોશન મળ્યું નથી. બધી સંસ્થાઓ ૨૦૧૫ મા હતી તેનાથી નીચે સરકી છે. એટલે કે શિક્ષણ વધારે નબળું પડ્યું છે. | | | ૮ | સ્વીસ ટેકનોલોજી ઈન્સ્ટ. | સ્વિત્ઝર્લેન્ડ |
| | | | ૯ | ઈમ્પિરિયલ કોલેજ, લંડન | યુ.કે. |
| | | | ૧૦ | યુનિવર્સિટી ઓફ શિકાગો | અમેરિકા |

### (૪૮) મધર ટેરેસાને સંતનો દરજ્જો એનાયત વિશ્વ બન્યું ઐતિહાસિક ક્ષણોનું સાક્ષી

વેટિકન સિટીમાં પોપ ફ્રાન્સિસે મધર ટેરેસાને સંતની ઉપાધી આપી હતી. તેમનો જન્મ અલ્બેનિયામાં થયો હતો, પરંતુ કર્મભૂમિ ભારતને બનાવી હતી. આ પ્રસંગે ભારત વતી વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી પણ હાજર રહ્યા હતા. મિશનરી ઓફ ચેરિટીની સ્થાપના મધર ટેરેસાએ કરી હતી.

ઓરિસ્સાના ભુવનેશ્વરમાં એક જાણીતા માર્ગને મધર ટેરેસા નામ અપાયું છે. સત્યનગર અને કટકપૂરીને જોડતો માર્ગ 'મધર ટેરેસા માર્ગ' તરીકે ઓળખાશે.

### (૪૯) અમેરિકાએ અડધા ભારત જેવડો જગતનો સૌથી મોટો નેશનલ પાર્ક ખૂલ્લો મૂક્યો.

અમેરિકી સરકારે હવાઈ ટાપુ પાસે આવેલા દરિયાઈ વિસ્તારને નેશનલ પાર્ક જાહેર કર્યો છે. પાપાહાનુમોકુઆકી મરિન નેશનલ મોન્યુમેન્ટ એવુ નામ ધરાવતો આ દરિયાઈ આરક્ષિત વિસ્તાર (રિઝર્વ એરિયા) જગતનો સૌથી મોટો નેશનલ પાર્ક છે. તેનો વિસ્તાર ૧૫ લાખ, ૧૦ હજાર ચોરસ કિલોમીટર જેવડો છે. એટલે કે અડધા ભારત જેવડું તેનું કદ છે. આ દરિયાઈ વિસ્તારમાં વ્હેલની ૨૪ વિવિધ પ્રજાતીઓ સાથે કુલ મળીને ૭ હજારથી વધુ પ્રકારના દરિયાઈ સજીવો રહે છે. પાપાહાનુમોકુઆકી એ હવાઈ ભાષાનું નામ છે, જેનો મતલબ દરિયો, આકાશ, જમીન અને સ્થાનિક લોકોનો સમુહ એ પ્રકારનો થાય છે.

### (૫૦) મેન્સ હાઈજમ્પ ટીજર ઈવેન્ટમાં ભારતના મરિયપ્પન થાંગવેલુએ ગોલ્ડ અને વરુણ ભાટી બ્રોન્ઝ મેડલ જીત્યા

બ્રાઝિલના રિયોમાં ચાલી રહેલા વિશ્વભરના દિવ્યાંગો માટેના રમતોના મહાકુંભ–પેરાલિમ્પિકમાં પુરૂષોની હાઈ જમ્પ ઈવેન્ટમાં ભારતના મરિયપ્પન થાંગવેલુએ ગોલ્ડ અને વરૂણ ભાટીએ બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચી દીધો હતો. પેરાલિમ્પિક કે ઓલિમ્પિકના ઈતિહાસમાં ભારતના બે ખેલાડીઓ એક જ ઈવેન્ટમાં ગોલ્ડ–બ્રોન્ઝ વિજેતા બન્યા હોય તેવી સૌપ્રથમ ઘટના પણ નોંધાઈ હતી.

### (૫૧) ભારત ટૂંક સમયમાં પેટ્રો-પેદાશોની આયાત બંધ કરશે : ગડકરી

કેન્દ્ર સરકાર હાલ વૈકલ્પિક બળતણના સ્ત્રોત પર ધ્યાન રાખી રહી હોવાથી, ભારત બહુ ટૂંક સમયમાં પેટ્રો પેદાશો આયાત કરવાનું બંધ કરી દેશે. પેટ્રોલિયમની આયાત શૂન્ય હોય. તે માટે અમે વૈકલ્પિક ઈંધણ જેવા કે ઈથાનોલ, મેથાનોલ, બાયોગેસ, સી.એન.જી. વગેરે વિકસાવવા માંગીએ છીએ તેનાથી ગ્રામીણ અને કૃષિ ક્ષેત્રને પ્રોત્સાહન મળશે તેમજ મોટા પ્રમાણમાં રોજગારી પણ સર્જાશે.

### (૫૨) વિશ્વના સૌથી વયોવૃધ્ધ ક્રિકેટર લિન્ડસે ટકેટનું અવસાન થયુ.

દુનિયાના સૌથી વયોવૃધ્ધ હયાત ક્રિકેટર તરીકેની ઓળખ ધરાવતા સાઉથ આફ્રિકાના લિન્ડસે ટકેટનુ ૯૭ વર્ષની વયે અહી બ્લોઈમ્ફોન્ટાઈન ખાતે અવસાન થયું હતું.

### (૫૩) બ્રાઝિલ ઓપન બેડમિંટનમાં ભારતીય જોડી ચેમ્પિયન

બ્રાઝિલના ફોજ ડી ઈગુએચુ ખાતે રમાયેલી બ્રાઝિલ ઓપન ગ્રાં પિ બેડમિંટન ચેમ્પિયનશીપની મિક્સ ડબલ્સ ઈવેન્ટમાં ભારતની સિક્કી રેડ્ડી અને પ્રણવ જેરી ચોપરાની જોડી ચેમ્પિયન બની હતી. તેમણે ફાઈનલમાં કેનેડાના ટોબી અને રાચેલની જોડીને ૨૧–૧૫, ૨૧–૧૬ થી પરાજય આપ્યો હતો.

### (૫૪) શ્રીલંકા મલેરિયા મુક્ત થનારો દક્ષિણ-પૂર્વનો બીજો દેશ બન્યો.

દક્ષિણ–પૂર્વ એશિયામાં શ્રીલંકાએ મલેરિયા મુક્ત થઈને અનોખી સફળતા મેળવી છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ડબલ્યુએચઓ દ્વારા શ્રીલંકાને મલેરિયા મુક્ત દેશ જાહેર કરીને સન્માન કરવામાં આવ્યું છે. છેલ્લે ૨૦૧૨ માં શ્રીલંકામાં મલેરિયાનો કેસ નોંધાયો હતો. સતત ત્રણ વર્ષમાં એક પણ

Astha Academy Mo.9898961441

કેસ ન નોંધાતા દક્ષિણ-પૂર્વ એશિયામાં તે પહેલો મલેરિયા મુક્ત દેશ બન્યો હતો. અગાઉ માલદિવને મલેરિયા મુક્ત જાહેર કરાયો હતો. ઉલ્લેખનીય છે કે વિશ્વમાં કુલ મેલેરિયાના કેસ નોંધાયા છે, તેમાંથી ભારત-ઈથિયોપિયા-પાકિસ્તાન-ઈન્ડોનેશિયામાં જ કુલ ૮૦ ટકા કેસ નોંધાય છે.

(૫૫) **વિક્રમશિલા ડોલ્ફિન અભયારણ્ય ભારતના એકમાત્ર ડોલ્ફિન અભયારણ્ય પર પૂરનો ખતરો.**

ભારતનું એકમાત્ર ડોલ્ફિન અભયારણ્ય બિહારમાં ગંગા નદી પર ભાગલપુર જિલ્લામાં આવેલું છે. વિક્રમશિલા ડોલ્ફિન અભયારણ્યમાં છેલ્લી ગણતરી પ્રમાણે માત્ર ૨૦૬ ડોલ્ફિન વસે છે. પરંતુ ગંગામાં વારંવાર આવતા પૂરને કારણે આ ડોલ્ફિનોનું ભાવી અંધકારમય બન્યું છે. ૧૯૯૧ માં દુર્લભ ડોલ્ફિનોના સંરક્ષણ માટે ગંગા નદીના આ વિસ્તારને અભયારણ્ય જાહેર કરવામાં આવ્યું હતું.

(૫૬) **ભારતીય મૂળની જાપાની યુવતી પ્રિયંકા યોશિકાવાના** શિરે 'મિસ જાપાન' નો તાજ

(૫૭) **ઉત્તર પ્રદેશમાં ૧૮ વર્ષથી વધુ વયના લોકોને મફત સ્માર્ટફોનની અખિલેશની જાહેરાત.**

સપા સત્તામાં આવશે તો જુલાઈ ૨૦૧૭ થી સ્માર્ટ ફોનનું વિતરણ શરૂ : એક મહિના પછી ઓનલાઈન અરજી કરી શકાશે.

(૫૮) **કલાસ-૧ અને ૨ ની ભરતી માટેની GPSC ની પરીક્ષા દર બે વર્ષે લેવાશે.**

ગાંધીનગરમાં GPSC ભવનના ઉદ્દઘાટન બાદ મુખ્યમંત્રી રૂપાણીની જાહેરાત : સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં વધુ તક અપાશે.

(૫૯) **વિદેશી રોકાણ વધારવા કેન્દ્રીય કેબિનેટનો નિર્ણય**

ભારતમાં રૂ.૧૦ કરોડનું રોકાણ કરનાર વિદેશીઓ મકાન ખરીદવાની છૂટ
સિંગાપોર મોડેલને અનુસરતા ભારતે દેશમાં ૧૦ કરોડ રૂપિયાનું રોકાણ કરનાર વિદેશી નાગરિકોને દેશમાં મકાન ખરીદવાની મંજૂરી આપવાનો નિર્ણય લીધો છે. તેમના માટે વીઝા વ્યવસ્થા ઉદાર બનાવવામાં આવશે. તેમના પરિવારના સભ્યોને નોકરીની તક અને અન્ય સવલતો આપવામાં આવશે.

પાક. અને ચીનના નાગરિકોને આ સ્કીમ લાગુ પડશે નહી: ૧૦ વર્ષ ભારતમાં રહી શકશે.

(૬૦) **પાક. ભારતને દબાવવા ચીન પાસેથી આઠ યુદ્ધ સબમરિન ખરીદશે**

ભારત પોતાની સૈન્ય તાકાત વધારવા માટે છ યુદ્ધ સબમરીન ફ્રાન્સ સાથે મળીને તૈયાર કરી રહ્યું છે. જેને પગલે હવે પાકિસ્તાન પણ ચીન પાસેથી આઠ યુદ્ધ સબમરીન ખરીદી રહ્યું છે. એટલે કે ચીન ભારત અને પાકિસ્તાન વચ્ચેની જે તકરાર છે તેને વધારવા કે તેનો લાભ લઈને હથિયારોનો વ્યાપાર કરવા લાગી ગયું છે. જે ડીલ ચીન અને પાકિસ્તાન વચ્ચે આ આઠ સબમરીન માટે થવાની છે તેની રકમ આશરે પાંચ અબજ ડોલર છે.

(૬૧) **સિંગુરમાં તાતાને ફટકો : ૧૦૦૦ એકર જમીન ખેડૂતોને પરત કરવા સુપ્રીમનો આદેશ**

સુપ્રીમ કોર્ટે કોલકાતા હાઈકોર્ટના આદેશને રદ્દ કરીને સિંગુરમાં નેનો પ્રોજેક્ટ માટે તાતા મોટર્સને આપવામાં આવેલ ૧૦૦૦ એકર જમીનના નિર્ણય રદ્દ કરી દીધો છે. જમીન સંપાદનમાં ગડબડી થઈ હોવાનું સામે આવ્યા બાદ સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે જે પણ જમીન ખેડૂતો પાસેથી આ પ્લાન્ટ માટે લેવામાં આવી છે. તેને ૧૨ સપ્તાહમાં પરત આપવામાં આવે.

(૬૨) **સ્વદેશી એન્જિન દ્વારા GSLVએ હવામાન માટેનો ઉપગ્રહ લોન્ચ કર્યો**

ભારતે જીઓસિન્ક્રોનસ સેટેલાઈટ લોન્ચ વ્હિકલ (જીએસએલવી) રોકેટ દ્વારા હવામાન અભ્યાસ માટેનો ઉપગ્રહ ઈન્સેટ-૩ડીઆર સફળતાપૂર્વક લોન્ચ કર્યો હતો.

જીએસએલવી દ્વારા લોન્ચ થયેલો આ ભારનો બીજો સૌથી ભારે ઉપગ્રહ હતો.

(૬૨) **મોદીની અફઘાનિસ્તાનને રૂ. ૬૭,૦૦ કરોડની સહાયની જાહેરાત**

આંતકથી પ્રભાવીત અફઘાનિસ્તાનમાં શિક્ષણ, સ્વાસ્થ્ય, કૃષિ, કૌશલ વિકાસ, મહિલા સશક્તિકરણ, વિજળી વગેરે પાયાની મૂળભૂત સેવામાં મદદ મળી રહે તે માટે ભારતે અફઘાનિસ્તાનને આર્થિક મદદ કરવાની જાહેરાત કરી હતી.

(૬૩) **અમેરિકામાં ભારતીય મૂળના વૈજ્ઞાનિક રમેશ રાસ્કરને પાંચ લાખ ડોલરનો પુરસ્કાર**

વૈશ્વિક રીતે લોકોના જીવનમાં સુધારો કરવાના ઉકેલ સર્જવામાં મેળવેલી ભવ્ય સફળતા બદલ ભારતીય મૂળના એક વૈજ્ઞાનિકને પ્રતિષ્ઠિત લેમેલ્સ-એમઆઈટી પ્રાઈઝ જાહેર કરવામાં આવ્યો હતો. નાસિકમાં જન્મેલા ૪૬ વર્ષના રમેશ રાસ્કર એમઆઈટી મીડિયા લેબમાં કેમેરા કલ્ચર સંશોધન જૂથના સ્થાપક અને મીડિયા આટર્સ અને વિજ્ઞાનના એસોસિએટ પ્રોફેસર છે.

(૬૪) **અંતરિક્ષમાં૨૨ ડિસેમ્બર ૧૯૬૦ ના રોજ દામકા** અને ક્રાસવાકા નામના કૂતરાઓ ભ્રમણ કક્ષામાં પહોંચનાર પ્રથમ કૂતરા હતા.ભ્રમણ કક્ષામાં પહોંચ્યા બાદ જીવતા પાછા ફરેલા પ્રથમ કૂતરામાં 'બાર્સ' અને 'લીસીચીકા' નામના કૂતરાનો સમાવેશ થાય છે.

(૬૫) **યુએસ ઓપન : સેરેનાએ કારકિર્દીની ૩૦૭ મી ગ્રાન્ડ સ્લેમ મેચ જીતીને ઈતિહાસ રચ્યો.**

અમેરિકાની વર્લ્ડ નંબર વન ટેનિસ સ્ટાર સેરેના વિલિયમ્સે વધુ એક સિધ્ધિનું સોપાન સર કરતાં કારકિર્દીની વિક્રમી ૩૦૭ મી મેચ જીતીને ઈતિહાસ રચી દીધો છે. સેરેના આ સાથે મહિલા ટેનિસના ઈતિહાસમાં સૌથી વધુ ગ્રાન્ડ સ્લેમ મેચ જીતનારી ખેલાડી બની ગઈ છે, તેણે ૩૦૬ ગ્રાન્ડ સ્લેમ જીતવાના માર્ટિના નવરાતીલોવાના રેકોર્ડને તોડી નાંખ્યો હતો અને સૌથી વધુ ૩૦૭ ગ્રાન્ડ સ્લેમ મેચો જીતવાના ફેડરરના રેકોર્ડનો બરોબરી કરી લીધી હતી. હવે જો સેરેના વધુ એક મેચ જીતશે તો ફેડરરનો રેકોર્ડ પણ તોડી નાંખશે

Astha Academy Mo.8980961441